# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 27-Dec-2024 સવારે : 7.45 થી 7.55

1) પૂર્વ પ્રધાનમંત્રી ડૉ મનમોહન સિંહનું ગઇકાલે નિધન થયું – દિવંગતના સન્માનમાં દેશભરમાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક.
2) રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સહિત અનેક અગ્રણીઓએ ડૉ. મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ પાઠવી.
3) વિદેશ મંત્રી ડૉ એસ. જયશંકર અમેરિકાના પ્રવાસ દરમિયાન અમેરિકાના વિદેશ મંત્રી સાથે દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે
4) યમનના હૌથી-નિયંત્રિત શહેરો અને અનેક બંદરો પર ઇઝરાયેલના હવાઈ હુમલા.
5) ભારતના લક્ષ્ય સેન કિંગ કપ ઈન્ટરનેશનલ ઓપન 2024ની ક્વાર્ટર ફાઇનલમાં હોંગકોંગના એંગસ એનજી કા લોંગ સામે ટકરાશે .

## *MANMOHAN SINGH*

પૂર્વ પ્રધાનમંત્રી ડો.મનમોહન સિંહનું ગઈકાલે નવી દિલ્હીમાં નિધન થયું. તેઓ 92 વર્ષના હતા. ગઈકાલે સાંજે તેઓ ઘરે બેભાન થઈ જતાં તેમને દિલ્હી એઈમ્સના ઈમરજન્સી વોર્ડમાં  દાખલ કરવામાં આવ્યા હતા. તબીબોએ તેમને બચાવવા તમામ પ્રયાસો કર્યા હતા.

ગઇકાલે રાત્રે નવ વાગીને 51 મિનિટે AIIMSએ તેમનું નિધન થયું હોવાનું જાહેર કર્યું હતું. તેમની તબિયત કેટલાક મહિનાઓથી ખરાબ હતી. તેમના પરિવારમાં તેમની પત્ની ગુરુશરણ કૌર અને ત્રણ પુત્રીઓ છે.

શ્રી સિંહ પી.વી. નરસિમ્હા રાવ સરકારમાં કેન્દ્રીય નાણામંત્રી હતા. તેમને 1991માં શરૂ થયેલા આર્થિક ઉદારીકરણના યુગના પ્રણેતા માનવામાં આવે છે. તેઓ 2004 થી 2014 સુધી સરકારમાં બે વખત પ્રધાનમંત્રી તરીકે  રહ્યા. તેઓ ભારતના તેરમા પ્રધાનમંત્રી હતા. તેઓ  33 વર્ષ સુધી રાજ્યસભાના સભ્ય રહ્યા બાદ આ વર્ષે એપ્રિલમાં ગૃહમાંથી નિવૃત્ત થયા હતા. તેમનો જન્મ 26 સપ્ટેમ્બર 1932ના રોજ અવિભાજિત ભારતના પંજાબ  રાજ્યમાં થયો હતો.

.................

## NATIONAL MOURNING

પૂર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહન સિંહના નિધન પર સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આજે યોજાનાર તમામ સરકારી કાર્યક્રમો રદ  કરવામાં આવ્યા છે. ડૉ. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવામાં આવશે. દરમ્યાન કેન્દ્રીય કેબિનેટની બેઠક આજે સવારે 11 વાગે મળશે.

.................

## MANMOHAN – CONDOLENCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ  અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અનેક નેતાઓએ  ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના નિધન પર શોક વ્યક્ત  કર્યો છે.

રાષ્ટ્રપતિએ તેમના સંદેશમાં કહ્યું કે ડૉ. સિંહ એવા અસાધારણ રાજકારણીઓમાંના એક હતા જેમણે શિક્ષણ અને વહીવટની દુનિયામાં સમાન સરળતા સાથે કામ કર્યું હતું. રાષ્ટ્રપતિ મુર્મુએ એમ પણ કહ્યું કે શ્રી સિંહે જાહેર કચેરીઓમાં તેમની વિવિધ ભૂમિકાઓમાં  ભારતના અર્થતંત્રને સુધારવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે તેમના સંદેશમાં શ્રી સિંહને એક પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી ગણાવ્યા જેમણે ભારતના આર્થિક  પરિપેક્ષને બદલી નાખ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના સંદેશમાં કહ્યું કે ભારત તેના સૌથી પ્રતિષ્ઠિત નેતાના  નિધન પર શોક વ્યક્ત કરે છે. તેમણે કહ્યું કે ડૉ. સિંઘ એક સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી ઉભરીને જાણીતા અર્થશાસ્ત્રી બન્યા છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે તેમણે નાણા મંત્રી સહિત વિવિધ સરકારી હોદ્દાઓ પર સેવા આપી હતી અને વર્ષોથી ભારતની આર્થિક નીતિ પર મજબૂત છાપ છોડી હતી. તેમણે સંસદમાં ડૉ. સિંઘના વ્યવહારુ હસ્તક્ષેપ અને પ્રધાનમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન સમાજના સુધારા માટેના તેમના વ્યાપક પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતાના શોક સંદેશમાં જણાવ્યું હતું કે ડૉ.મનમોહન સિંહે દેશના શાસનમાં રિઝર્વ બેંકના ગવર્નરથી લઈને નાણામંત્રી અને પ્રધાનમંત્રી સુધી મહત્વની ભૂમિકા ભજવી હતી. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે ડો. સિંહના નેતૃત્વએ પાર્ટી  લાઇનમાં પ્રશંસા અને આદર મેળવ્યો છે અને તેમનો વારસો રાષ્ટ્ર નિર્માણના તેમના પ્રયાસોમાં પેઢીઓને પ્રેરણા આપતો રહેશે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો અને કહ્યું કે ડૉ.સિંઘના નેતૃત્વ, નમ્રતા અને સમર્પણને હંમેશા યાદ કરવામાં આવશે.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ તેમના શોક સંદેશમાં જણાવ્યું હતું કે, ભારતે એક દૂરંદેશી રાજનેતા, દોષરહિત છબી ધરાવતા પ્રામાણિક નેતા અને અપ્રતિમ કદના અર્થશાસ્ત્રી ગુમાવ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાષ્ટ્ર નિર્માણમાં ડૉ. સિંહનું અમૂલ્ય યોગદાન હંમેશા ભારતીય ઈતિહાસના પાનાઓમાં નોંધવામાં આવશે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પોતાના સંદેશમાં કહ્યું કે ડૉ.સિંહે અપાર બુદ્ધિમત્તા અને ઈમાનદારી સાથે ભારતનું નેતૃત્વ કર્યું. ડૉ.સિંહની નમ્રતા અને અર્થશાસ્ત્રની ઊંડી સમજ સમગ્ર દેશને પ્રેરિત કરે છે.

………………

## *RE: SANSHO. PRESIDENT'S CHILDREN'S AWARD*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઇકાલે નવી દિલ્હીમાં 17 બાળકોને તેમની અસાધારણ સિદ્ધિઓ માટે સાત શ્રેણીમાં પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યા. ચૌદ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આ બાળકોને કલા અને સંસ્કૃતિ, બહાદુરી, નવીનતા, વિજ્ઞાન અને ટેકનોલોજી, સમાજ સેવા, રમતગમત અને પર્યાવરણ ક્ષેત્રે તેમની સિદ્ધિઓ માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. દરેક એવોર્ડ વિજેતાને મેડલ, પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિ મુર્મુએ વીર બાળ દિવસના અવસર પર સાહિબજાદાઓની બહાદુરી અને બલિદાનને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે કહ્યું કે આ દિવસ દર વર્ષે શીખોના દસમા ગુરુ, ગુરુ ગોવિંદ સિંહના યુવાન પુત્રોના અજોડ બલિદાન અને હિંમતને માન આપવા માટે ઉજવવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઇકાલે અપાયેલા બાળપુરસ્કારમાં અમદાવાદના 17 વર્ષીય દિવ્યાંગ યુવક ઓમ જિજ્ઞેશ વ્યાસનો સમાવેશ થાય છે. તેમને કળા તેમજ સંસ્કૃતિ ક્ષેત્રે આ પુરસ્કાર એનાયત કરાયો.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓમ વ્યાસની સિદ્ધિઓની પ્રશંસા કરીને ગુજરાતનું ગૌરવ વધારવા માટે અભિનંદન પાઠવ્યા છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................

## *JAISHANKAR – US*

વિદેશ મંત્રી ડો. એસ જયશંકરે ગઈકાલે રાત્રે વોશિંગ્ટન ડીસીમાં અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવન સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ ભારત-યુએસ વ્યૂહાત્મક ભાગીદારી અને તાજેતરના પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ અંગે ચર્ચા કરી હતી. ડૉ. જયશંકર 24 ડિસેમ્બરથી અમેરિકાની છ દિવસની મુલાકાતે છે.

તેમની મુલાકાત દરમિયાન વિદેશ મંત્રી દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે અમેરિકના વિદેશ મંત્રી સાથે મુલાકાત કરશે. આ મુલાકાત દરમિયાન ડૉ. જયશંકર અમેરિકામાં ભારતના કોન્સલ જનરલના સંમેલનની પણ અધ્યક્ષતા કરશે.

.................

## *ISRAELI AIRSTRIKE-YEMEN*

ઇઝરાયેલે ગઇકાલે કરેલા હવાઈ હુમલામાં યમનની હૌથી-નિયંત્રિત રાજધાની અને અનેક બંદરોને નિશાન બનાવ્યા હતા. હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ત્રણ લોકો માર્યા ગયા અને 14 ઇજાગ્રસ્ત થયા. WHOના વડાએ પુષ્ટિ કરી કે તેમની નજીકના શહેર સનાના હવાઈ મથકે પર થયેલા આ હવાઈ હુમલામાં એક ક્રૂ મેમ્બર ઇજાગ્રસ્ત થયો.

WHOના મહાનિયામક ટેડ્રોસ અડનૉમ ઘેબ્રેયસસે જણાવ્યું હતું કે હવાઈમથક પર બે લોકો માર્યા ગયા હતા અને એર ટ્રાફિક કંટ્રોલ ટાવર, ડિપાર્ચર લાઉન્જ અને રનવેને નુકસાન થયું હતું. શ્રી ટેડ્રોસ સંયુક્ત રાષ્ટ્રસંઘના અટકાયત કરાયેલા કર્મચારીઓને મુક્ત કરવા અને યુદ્ધગ્રસ્ત દેશમાં આરોગ્ય અને માનવીય પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરવા યમનમાં હતા.

રાષ્ટ્રસંઘના પ્રવક્તાએ પુષ્ટિ કરી કે ઇજાગ્રસ્ત લોકો રાષ્ટ્રસંઘની માનવતાવાદી સેવાઓનો ભાગ હતા. ઇઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે તે હુમલાના સ્થળે વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રતિનિધિમંડળની હાજરીથી અજાણ છે. ઇઝરાયેલે તાજેતરમાં યમનમાં હૌથિઓ દ્વારા નિયંત્રિત અનેક સ્થળોને નિશાન બનાવીને હવાઈ હુમલા કર્યા હતા.

.................

## *BADMINTON-KING CUP*

ભારતના લક્ષ્ય સેન ચીનના શેનઝેનમાં શરૂ થઈ રહેલા કિંગ કપ ઈન્ટરનેશનલ ઓપન 2024માં રમશે. ક્વાર્ટર ફાઇનલમાં તેનો મુકાબલો હોંગકોંગના એંગસ એનજી કા લોંગ સામે થશે.

વિજેતાની પસંદગી માટે કુલ 10 મેચો રમાશે. આ ટુર્નામેન્ટમાં આઠ પુરુષ ખેલાડીઓ ભાગ લેશે. આમાં થાઈલેન્ડના કુનલાવત વિટિદસર્ન, ડેનમાર્કના એન્ડર્સ એન્ટોનસેન, સિંગાપોરના ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન લોહ કીન યૂ, ફ્રાન્સના એલેક્સ લેનિયર અને ચીનના હુ ઝે એન અને વાંગ જી જૂનનો સમાવેશ થાય છે.

કિંગ કપ એ આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ઓપન નોન-રેન્કિંગ ઇવેન્ટ છે અને તે બેડમિન્ટન વિશ્વ ફેડરેશન કેલેન્ડરનો ભાગ નથી.

.................

## *CRICKET-IND-AUS - DAY 2*

મેલબોર્નમાં રમાઈ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી ટેસ્ટ મેચના બીજા દિવસે ઓસ્ટ્રેલિયાએ તેનો પ્રથમ દાવ ચાલુ રાખ્યો હતો. છેલ્લા સમાચાર મળ્યા ત્યાં સુધી યજમાન ઓસ્ટ્રેલિયાએ સાત વિકેટે 454 રન કર્યા હતા. દરમ્યાન ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ રૂપે ભારતીય ટીમ કાળી પટ્ટી પહેરી રમી રહી છે. ડૉ.સિંહનું ગઈકાલે નવી દિલ્હીમાં અવસાન થયું હતું.

આ પહેલા પ્રથમ દિવસની મેચના અંતે ઓસ્ટ્રેલિયાએ 6 વિકેટે 311 રન બનાવ્યા હતા. સેમ કોન્સ્ટાસે ટેસ્ટ ક્રિકેટમાં 60 રન બનાવી શાનદાર શરૂઆત કરી હતી. યજમાન ટીમ તરફથી ઉસ્માન ખ્વાજા, માર્નસ લાબુશેન અને સ્ટીવન સ્મિથે અડધી સદી ફટકારી હતી. ભારત તરફથી જસપ્રીત બુમરાહે ત્રણ વિકેટ ઝડપી હતી.

બંને ટીમોએ પાંચ મેચની શ્રેણીમાં એક-એક મેચ જીતી છે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે

## રિધ્ધિ ઉંધાડ

1) દેશના પૂર્વ પ્રધાનમંત્રી ડોક્ટર મનમોહનસિંઘના નિધનના સમાચાર તમામ અખબારોએ પહેલા પેજ ઉપર પ્રકાશિત કર્યાં છે.
2) નવગુજરાત સમય અને ફૂલછાબ, અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસ દૈનિકે ડોક્ટર મનમોહનસિંઘના નિધનના સમાચાર પ્રસિધ્ધ કર્યા છે..
3) સંદેશ દૈનિકે બજેટમાં ઇન્કમટેક્ષના દરમાં ઘટાડો થઇ શકે તેવા શિર્ષક સાથે વેરા ભરનારાના લોકોને માહિતી આપાતા સમાચાર પ્રસિધ્ધ કર્યા છે. જ્યારે ગુજરાત સમાચારે ડોક્ટર મનમોહનસિંઘના નિધનના સમાચારની સાથએ સાથે ફ્રાંસ, જર્મની, યુકે ના કટ્ટરવાદીનેતાઓ મસ્કનો ટેકોના શિર્ષક હેઠળ સમાચાર પ્રસિધ્ધ કર્યા છે.
4) બેન્કો ક્રેડિટ કાર્ડ પર બાકીના બીલ પર પચાસ ટકા સુધીનો ચાર્જ વસૂલી શકે તેવા સુપ્રીમ કોર્ટના આદેશને પણ તમામ અખબારોએ પહેલા પેજ ઉપર આવરી લીધા છે..
5) તમામ અખબારોએ કમોસમી વરસાદના સમાચાર પણ પ્રસિધ્ધ કર્યા છે.. આ ઉપરાંત કાંકરિયા કાર્નિવલમાં વરસાદનું વિધ્ન પણ દરેક અખબારોમાં જોવા મળી રહ્યાં છે.

6) જ્યારે સ્પોર્સ્ટ પેજ ઉપર ઓસ્ટ્રેલિયામાં રમાઇ રહેલી ચોથી ટેસ્ટ દરમિયાન કોહલી સાથે કોન્ટાસના વિવાદને પણ તમામ અખબારોએ તસવીર સાથે પ્રકાશિત કર્યા છે.

7) તમામ અખબારોએ દિલ્હી વિધાનસભા ચૂંટણી અગાઉ આપ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચેના વિવાદને પણ હાઇલાઇટ કર્યો છે.

--------------